# JYOTIRATH - UMIYA MATAJI

ઉમા જયોતિ રથ

અગાઉ જાણયા મુજબ રજતજયંતિ અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો પ્રચાર કરી માહોલ ને ભકતિમય વાતાવરણ ઉભું કરવામાટે સૌપ્રથમ ઉમિયા માતાજીના દિવ્યજયોતિ રથનું પરિભ્રમણ કરવાનું નકકી થયુ આ માટે પંડીતો દ્રારા તારીખ અને સ્થળ નકકી થયો. અને તા. ૨૫/૨/૨૦૦૮ ને સોમવારના સવારના ઉમાપતિ સોમનાથ મહાદેવના સાન્નિધ્યેથી મહાદેવની મંગળા આરતી પુરી કરી કડવાપાટીદાર સમાજના લાખો પાટીદારો ની હાજરી માં ઉમાના જયઘોસ સાથે માં ઉમાં ના દિવ્ય જયોતી રથ નો સુભ પ્રારંભ થોયો.

આ માટે જીલ્લામા ઉમાં ના દિવ્ય જયોતિ રથે ૫૨ દિવસ માં ૧૪૭ ગામ માં પોતાનો દિવ્ય પ્રકાશ થી વાતાવરણ ભકતિમય બનાવયુ.અને કાર્યક્રમ સફળ થાય તે માટે ઉમિયા પરિવાર સમિતિના આયોજકો અને આગેવાનોએ અન્ય જ્ઞાતિના આગેવાનો સાથે સુમેળભર્યું વાતાવરણ ઉભું કરી સહકાર મેળવ્યો. રથયાત્રા અને માતાજીના દર્શનથાય તે માટે અન્ય જ્ઞાતિના લોકો ને આમંત્રિત કરયા.

દિવ્ય જયોતિ રથના સ્વાગત માટે ગામ, શેરી અને બજારોમાં ધ્વજ, પતાકા, તોરણો બાંધવા નારિયેળી-કેળના સ્થંભ બનાવવા અને ગામમાં સુસોભન કર્યુ. અને ઉમિયા પરીવાર ના તમામા ઘરોમાં આસોપાલવ-આંબાના તોરણ બાંધવામાં આવ્યા. માતાજીના રથના સ્વાગત માટે કળશધારી બાળાઓ તૈયાર કરી, ભાઈઓ એ સફેદ ડ્રેસ તથા માથે સફો અને બહેનો એ લાલ સાડી-નવખંડી પહેરી માં ઉમાના દિવ્ય જયોતિ રથનું સ્વાગત કર્યુ.

‘‘ દિવ્ય જયોતિ રથની વીગત’’

૮ - ફુટ પહોળાઈ

૨૨ - ફુટ લંબાઈ

૧૪ - ફુટ ઉંચાઈ